ચોમાસા પહેલાં જ બનેલા નવા રસ્તા પર ઠેર-ઠેર ખાડા

કરોડોના ખર્ચે બનેલો ભીમનાથ બ્રિજ તરફનો રોડ ધોવાયો, પાલિકાના કામ સામે ભારે રોષ

હલકી કક્ષાના કામ સામે કોન્ટ્રાક્ટર પર દંડ અને કડક કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિકાસના કરોડો રૂપિયાના કામો કરવામાં આવી રહ્યા હોવાના દાવો કરવામાં આવે છે. પરંતુ કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલા રોડ-રસ્તાના કામોની ગુણવત્તા સામે અવારનવાર ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. તાજેતરમાં ચોમાસા પહેલાં જ ઝોન કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલું ભીમનાથ બ્રિજ તરફ જતા રોડનું કામ અને વરસાદી ગટર લાઈનનું કામ ભારે વિવાદના ઘેરામાં આવ્યું છે.

સ્થાનિક સ્તરે કરવામાં આવેલી ભ્રષ્ટ અને લોટ પાણી ને લાકડા જેવી કામગીરીને કારણે આ નવો બનેલો રોડ ટૂંકા જ સમયમાં બિસ્માર બની ગયો છે. રોડ પર વારંવાર મોટા ખાડાઓ પડી રહ્યા છે અને પાલિકા કે તંત્ર દ્વારા કરવામાં આવતું પેચવર્ક પણ તદ્દન હલકી કક્ષાનું અને અયોગ્ય હોવાનું સામે આવ્યું છે. નવો બનેલો રસ્તો જ ધોવાઈ જતાં રોડ બનાવવા માટે વપરાયેલા મટીરિયલ અને તેની ગુણવત્તા સામે શંકાની સોય ચીંધાઈ રહી છે.

રોડની બગડેલી હાલતને કારણે વાહનચાલકો તથા સ્થાનિકરહીશોને ભારે અગવડતાનો સામનો કરવો પડી રહ્યો છે, જેના લીધે અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. આ પરિસ્થિતિને પગલે નાગરિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. સ્થાનિકો અને જાગૃત નાગરિકો દ્વારા માંગણી કરવામાં આવી છે કે, કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓએ આ બાબતને ગંભીરતાથી લઈને તાત્કાલિક ધોરણે જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાનૂની પગલાં ભરવા જોઈએ. તેમજ કામમાં બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટર પાસેથી દંડ વસૂલવામાં આવે અને કાળી યાદીમાં મૂકવા સુધીની દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવા કામો કરતા કોન્ટ્રાક્ટરોમાં ડર રહે.

હવે એ જોવું રહ્યું કે પોતાના આકરા વલણ અને 'સ્માર્ટ' કામગીરીના દાવા કરતા પાલિકાના અધિકારીઓ આ વિવાદિત કોન્ટ્રાક્ટર સામે ખરેખર કોઈ ઠોસ કાર્યવાહી કરે છે કે પછી દર વખતની જેમ મામલો થાળે પાડી દેવામાં આવે છે.

સાંભાર દાળમાં જીવડું નીકળતા ગ્રાહકમાં ભારે રોષ

અલકાપુરીના TRINTY CAFEના ફૂડ પાર્સલમાંથી નીકળી મરેલી માખી

પાલિકાની આરોગ્ય શાખા દ્વારા કડક કાર્યવાહીની માગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૯

વડોદરા શહેરના પોશ વિસ્તાર ગણાતા અલકાપુરીમાંથી ફૂડ સેફ્ટીને લઈને ગંભીર અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અલકાપુરીની જાણીતી TRINTY CAFE ના ફૂડ પાર્સલમાંથી મરેલી માખી નીકળતા ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, એક ગ્રાહકે અલકાપુરી સ્થિત ટ્રિન્ટી કેફે - કાઉન્ટ ધ મેમરીસ વિથ હગ્સ એન્ડ મગ્સ પરથી ઈડલી-ઢોસાનું પાર્સલ મંગાવ્યું હતું. ગ્રાહક ઘરે જઈને પાર્સલ ખોલીને જમવા બેઠો ત્યારે સાથે આપવામાં આવેલી સાંભાર દાળમાંથી મરેલી માખી નીકળી હતી. આ દ્રશ્ય જોતા જ ગ્રાહક સ્તબ્ધ થઈ ગયો અને તેણે સમગ્ર ઘટનાનો વીડિયો પણ બનાવ્યો હતો. આ ઘટનાને લઈને ગ્રાહકે ભારે રોષ વ્યક્ત કર્યો છે. શહેરની પ્રખ્યાત ગણાતી કેફે દ્વારા આવી બેદરકારી દાખવવામાં આવતા લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. આવી બેદરકારીથી ફૂડ પોઈઝનિંગ જેવી ગંભીર બીમારી થવાની પણ ભીતિ સેવાઈ રહી છે. આ મામલે ગ્રાહક અને સ્થાનિક લોકોએ વડોદરા મહાનગર પાલિકાની આરોગ્ય શાખા પાસે કડક તપાસની માગ કરી છે. લોકોની માંગ છે કે, ટ્રિન્ટી કેફેમાં તાત્કાલિક દરોડા પાડી ફૂડ સેફ્ટી અને હાઈજીનને લઈને કડક ચેકિંગ હાથ ધરવામાં આવે અને બેદરકારી દાખવનાર કેફે સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

સાવલી તાલુકાના ખાખરીયા કેનાલ પાસે મગરનો બાઈક ચાલક પર હુમલો

ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડાયો, વિસ્તારમાં ભયનો માહોલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૯

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ખાખરીયા કેનાલ નજીક મગરે યુવક પર હુમલો કરતાં ચકચાર મચી ગઈ છે. મગરના હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકને હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યારે, આ ઘટનાને લઈ વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, મોડી રાત્રે એક બાઈક સવાર યુવક કેનાલ નજીકથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક મગરે તેના પર હુમલો કર્યો હતો. આ હુમલામાં બાઈક સવાર યુવકને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. મગરના હુમલાની આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. કેનાલ વિસ્તારમાં મગરની હાજરીથી સ્થાનિકોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ખાસ કરીને કેનાલ આસપાસથી પસાર થતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સ્થાનિકોએ તંત્ર દ્વારા આ વિસ્તારમાં સાવચેતીના બોર્ડ લગાવવા અને મગરને સુરક્ષિત રીતે પકડી અન્ય સ્થળે ખસેડવા માટે તકેદારીના પગલા ભરવા માંગ કરી છે.

તાકી-તાકીને જોવા મુદ્દે યુવકને માર, ધમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વડુ ગામમાં તાકી-તાકીને જોવા જેવી નજીવી બાબતે શરૂ થયેલો વિવાદ મોડી રાત્રે યુવકના ઘર સુધી પહોંચ્યો હતો. લક્ષ્મી પાઉભાજી પાસે થયેલી બોલાચાલી બાદ ત્રણ શખ્સોએ યુવક સાથે ઝપાઝપી કરી હોવાનો આક્ષેપ છે. જતા સમયે જાનથી મારી નાખવાની ધમકી અપાતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ફરિયાદ મુજબ વડુમાં રહેતા 20 વર્ષીય વેપારી વારીશ ઉર્ફે જાબીરહુસેન સિંધા લક્ષ્મી પાઉભાજી પાસે બેઠા હતા. ત્યારે કેશભાઈ યુસુફભાઈ મેમણ તેમને તાકી-તાકીને જોતા હોવાથી વારીશે પૂછપરછ કરતાં બોલાચાલી થઈ હતી. દરમિયાન જાવેદ મેમણ અને યુસુફ મેમણ પણ ત્યાં આવી ઝપાઝપી કરી હતી. મોડી રાત્રે જાવેદ મેમણ અને મોઈનબાપુ બાઈક પર વારીશના ઘરે પહોંચ્યા હતા. જાવેદે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. રેહાન અને મોઈનબાપુએ વચ્ચે પડી છોડાવ્યો હતો. જતા સમયે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ બાદ વડુ પોલીસે કેશ, જાવેદ અને યુસુફ મેમણ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફ્રિજથી લઈને આદુ-લસણ વાટવાની વસ્તુ સુધી મનાઈ

કરિયાવર વાપરવા દીધું નહીં, પત્નીને રૂમમાં કરી દીધી કેદ!

અભયમની સમજાવટ બાદ પતિ-પત્ની વચ્ચે સમાધાન

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

દીકરીને સાસરીમાં કોઈ વસ્તુની અછત ન પડે તે માટે પિયરમાંથી લાખો રૂપિયાનું કરિયાવર આપવામાં આવે છે પરંતુ સાસરીમાં પહોંચ્યા બાદ એ જ સામાન વાપરવાની મનાઈ કરવામાં આવે તો કેવુ થાય ? વડોદરામાં આવો જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પત્નીને પિયરથી મળેલા કરિયાવરના સામાનનો પતિ ઉપયોગ કરવા દેતો ન હતો અને ઘર ચલાવવા જૂની વસ્તુઓ જ વાપરવા દબાણ કરતો હતો. પતિના આવા વર્તનથી કંટાળી ગયેલી મહિલાએ આખરે અભયમ હેલ્પલાઈનની મદદ લીધી હતી.

અભયમ ટીમને મળેલી ફરિયાદ બાદ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ જણાવ્યું હતું કે તેના લગ્નને છ વર્ષ થયા છે અને એક પુત્ર છે. સાસુ સાથે નાની-નાની બાબતે બોલાચાલી થતાં સાસુ મોટા પુત્ર સાથે રહેવા જતા રહ્યા હતા. ત્યારબાદ મહિલા પણ છ દિવસથી પિયરમાં હતી. માતા-પિતા સાથે સાસરીમાં પરત આવ્યા બાદ પતિએ ફરી કરિયાવરના સામાનને લઈને મનાઈ શરૂ કરી હતી.

મહિલાના જણાવ્યા મુજબ પતિ કહેતો હતો કે મારા ઘરમાં જે જૂની વસ્તુઓ છે એ જ વાપરીને ઘર ચલાવવાનું, તારા કરિયાવરનો સામાન વાપરવાનો નહીં. એટલું જ નહીં, આદુ-લસણ વાટવા માટે પણ વાટકીથી કામ ચલાવવાનું કહેવામાં આવતું હતું. મહિલાના ભાઈના ઘરે રહેલું ફ્રિજ પણ પરત લાવવા દેવામાં આવતું ન હતું.

મહિલા અને તેની માતાએ અભયમ ટીમ સમક્ષ પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. દીકરીને સાસરીમાં તકલીફ ન પડે તે માટે પિયર તરફથી કરિયાવર આપવામાં આવ્યું હોવા છતાં સાસરી પક્ષે તેનો ઉપયોગ કરવા ન દીધો અને સામાન એક રૂમમાં મૂકી દીધો હોવાનો આક્ષેપ કર્યો હતો. મહિલાએ પોતાનું સ્ત્રીધન પણ પરત ન આપવામાં આવતું હોવાનું જણાવ્યું હતું. અભયમ ટીમે પતિને મહિલા અધિકારો, કાયદાકીય હક્કો અને સ્ત્રીધન અંગે કડક સમજ આપી હતી. પત્નીને તેના કરિયાવરના સામાનની જરૂરિયાત હોય તો તેનો ઉપયોગ કરવા દેવા તેમજ તેનું સ્ત્રીધન પરત આપવાની બાબતે સમજાવવામાં આવ્યું હતું. ભવિષ્યમાં પત્નીને માનસિક ત્રાસ આપવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી થઈ શકે તેવી પણ સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી. અંતે પતિએ પત્ની સાથે કરેલો વ્યવહાર પોતાની ભૂલ હોવાનું સ્વીકારી, હવે માનસિક ત્રાસ નહીં આપવાની બાંહેધરી આપી હતી.

જામ્બુઆ GEB પ્લાન્ટમાંથી પાંચ ફૂટ લાંબા અજગરનું રેસ્ક્યૂ

સેવ વાઇલ્ડલાઇફ ટ્રસ્ટ અને વન વિભાગની સરાહનીય કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા. તા.૯

શહેરના જામ્બુઆ વિસ્તારમાં આવેલા GEB પ્લાન્ટ પરિસરમાંથી આજે સવારે અંદાજે ૫ ફૂટ લાંબો અજગર મળી આવતા થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી. જોકે, 'સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ' અને વન વિભાગની સંયુક્ત ટીમ દ્વારા સમયસર હાથ ધરેલા રેસ્ક્યૂ ઓપરેશનને કારણે અજગરને સુરક્ષિત રીતે પકડી લેવામાં આવ્યો હતો, જેનાથી પ્લાન્ટના કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, આજે સવારે જામ્બુઆ GEB પ્લાન્ટ ખાતે નિયમિત કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન ત્યાં ફરજ બજાવતા કર્મચારીઓની નજર કામના સ્થળ નજીક છૂપાયેલા એક મોટા અજગર પર પડી હતી. અચાનક અજગર નજરે પડતા કર્મચારીઓમાં ડરનો માહોલ સર્જાયો હતો, પરંતુ કોઈપણ પ્રકારનું જોખમ ખેડવાને બદલે કર્મચારીઓએ ઉત્તમ સૂઝબૂઝ દાખવી તાત્કાલિક સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટના પ્રમુખ સંદીપ સિંહનો ટેલિફોનિક સંપર્ક કરી સમગ્ર ઘટનાની જાણકારી આપી હતી.

માહિતી મળતાની સાથે જ સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટની રેસ્ક્યૂ ટીમ અને વન વિભાગના અધિકારીઓ ત્વરિત ગતિએ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વન્યજીવ રેસ્ક્યૂના અનુભવી નિષ્ણાતોએ સાવચેતીપૂર્વક અને કોઈ પણ પ્રકારની જાનહાનિ કે જીવજંતુને નુકસાન પહોંચાડ્યા વગર કુશળતાપૂર્વક ૫ ફૂટ લાંબા આ અજગરને સુરક્ષિત રીતે પકડી લીધો હતો. સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યા બાદ, વન્યજીવ સુરક્ષાના નિયમોનું પાલન કરીને આ અજગરને વન વિભાગને સુપરત કરવામાં આવ્યો હતો.

૬૧૫૩૬ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું

PTCમાં પ્રવેશ પ્રક્રિયા ઠેલાતા વિદ્યાર્થીઓ અટવાયા, સત્ર પાછળ જવાની ભીતિ

જૂન-જુલાઈને બદલે સપ્ટેમ્બરમાં પણ પ્રવેશ શરૂ ન થતાં મૂંઝવણ

૨૪૭માંથી કેટલી કોલેજોને સામેલ કરવી તે અંગે સરકારની સ્પષ્ટતા નહીં

(પ્રતિનિધિ) વડોદરા, તા.૯

રાજ્યમાં પીટીસીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન કરાવનારા 61 હજારથી વધુ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા અનિશ્ચિતતામાં અટવાઈ છે. સામાન્ય રીતે જૂન-જુલાઈમાં પૂર્ણ થતી આ પ્રક્રિયા સપ્ટેમ્બર મહિનો આવવા છતાં હજુ સુધી શરૂ થઈ શકી નથી, જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે મૂંઝવણ ઊભી થઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આ વર્ષે પીટીસીમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાક સમયથી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજ્યની 247 પૈકી કેટલી કોલેજોને પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવી તે અંગે સરકાર તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. જેના કારણે સમગ્ર પ્રવેશ પ્રક્રિયા અટકી પડી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં 61536 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ પૈકી ઘણા વિદ્યાર્થીઓએ 100માંથી 100 ગુણ મેળવ્યા હોવા છતાં તેઓ પ્રવેશથી વંચિત છે. તો બીજી તરફ 24 હજારથી વધુ એવા વિદ્યાર્થીઓ છે જેમણે બે અલગ અલગ ફોર્મ ભર્યા છે. જેમાં એક કોમન નંબર આપ્યા બાદ ઈમેઈલથી ફોર્મ ભર્યું હોવાથી તે રદ કરવામાં આવ્યા હતા. સાથે જ 27 વિદ્યાર્થીઓના ફોર્મ રદ કરાયા છે. પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા કોલેજોને આ ચાતુર્વિદ્ય ફરતે માટે સૂચના આપવામાં આવી હતી. આમ છતાં સરકાર તરફથી છેલ્લે પ્રવેશ પ્રક્રિયામાં કેટલી કોલેજોને સામેલ કરવી તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી, જેના કારણે હજુ સુધી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ શકતી નથી. સામાન્ય રીતે પીટીસીનો પ્રવેશ જૂન-જુલાઈમાં પૂર્ણ કરી દેવામાં આવતો હોય છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બર સુધી પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી. જો આગામી દિવસોમાં પ્રક્રિયા શરૂ કરવામાં આવે તો પણ ઓક્ટોબર સુધીમાં પ્રક્રિયા પૂર્ણ થાય તેમ નથી. આ સ્થિતિમાં આખું શૈક્ષણિક સત્ર મોડું થઈ જશે. જેના કારણે હવે બીજું શૈક્ષણિક સત્ર શરૂ થવાનું હોય ત્યારે હજુ પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓનું પહેલું સત્ર શરૂ કરવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. નોંધનીય છે કે, આપણી પાંચ વર્ષમાં મોટી સંખ્યામાં પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોની ભરતી થવાની શક્યતા છે. ત્યારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પીટીસી કરેલ હોય તો રજિસ્ટ્રેશન કરાવ્યું છે. હાલમાં આ વિદ્યાર્થીઓ પીટીસીની પ્રવેશ પ્રક્રિયાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

પાણીપુરીના ચુરાના પૈસા આપવા મુદ્દે બબાલ, ચપ્પુ બતાવી વેપારીને ધમકી

લારી પાસે ગાળો અને ઝપાઝપી બાદ માંજલપુરના પુંજીબા નગરના નાકે ફરી ધમાલ, વચ્ચે પડેલા યુવકને પણ લાફા માર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

માંજલપુર વિસ્તારમાં પાણીપુરીની લારી ચલાવતા વેપારી સાથે નજીવી બાબતે ઉશ્કેરાયેલા ઇસમે ગાળો બોલી ઝપાઝપી કર્યા બાદ ચપ્પુ બતાવી ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. એટલું જ નહીં, બાદમાં પુંજીબા નગરના નાકા પર પહોંચી વેપારીને બુમો પાડી બહાર બોલાવી 'તને જોઈ લઈશ' કહી ધમકી આપી હતી. દરમિયાન વચ્ચે પડેલા યુવક સાથે પણ ઝપાઝપી કરી તેને લાફા મારતાં મામલો પોલીસ ફરિયાદ સુધી પહોંચ્યો છે.

માંજલપુરમાં રહેતા અને પાણીપુરીની લારી ચલાવતા સતીષભાઈ પરશુરામભાઈ કુશવાહ પવનદૂત નગર ખાતે હતા ત્યારે નૈતિક પટેલ નામના ઇસમે પાણીપુરીના ચુરાના પૈસા માંગવા બાબતે તેમની સાથે બોલાચાલી શરૂ કરી હતી. ત્યારબાદ નૈતિકે સતીષભાઈને ગાળો આપી ઝપાઝપી કરી લાફા માર્યા હતા અને ચપ્પુ બતાવી ધમકી આપી હતી.

આ ઘટનાથી બાદ સતીષભાઈ પોતાની લારી લઈને પુંજીબા નગર પહોંચ્યા હતા. સાંજના આશરે સાડા પાંચ વાગ્યે નૈતિક પટેલ ત્યાં પણ આવી પહોંચ્યો હતો અને સતીષભાઈને મોટેથી બુમો પાડી બહાર બોલાવી 'તને જોઈ લઈશ' કહી ગંદી-બિભત્સ ગાળો આપવા લાગ્યો હતો. આ સમયે ત્યાં હાજર નિલેષભાઈ કહારે નૈતિકને ગાળો બોલવાની ના પાડતાં તે વધુ ઉશ્કેરાયો હતો. નૈતિકે નિલેષભાઈ સાથે પણ ઝપાઝપી કરી બે-ત્રણ લાફા માર્યા હતા. આજુબાજુના રહીશો એકત્ર થતાં નૈતિક ત્યાંથી ભાગી ગયો હતો. ત્યારબાદ સતીષભાઈએ પોતાનું કામકાજ પૂર્ણ કરી પોલીસ સ્ટેશન પહોંચી નૈતિક પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

CISF જવાનનું આકસ્મિક નિધન, ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિદાય અપાઈ

દેશની સુરક્ષામાં ફરજ બજાવતા રાકેશકુમાર સૈનીના અકાળે અવસાનથી CISF કેમ્પસમાં શોકની લાગણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૯

વડોદરામાં દેશ સેવામાં ફરજ બજાવતા સીઆઈએસએફના જવાનનું આકસ્મિક નિધન થતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો છે. સ્વર્ગસ્થ જવાનના માનમાં સીઆઈએસએફની ટુકડી દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપીને તેમને ભાવભીની સન્માનાંજલિ આપવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, વડોદરામાં ફરજ બજાવતા સીઆઈએસએફ જવાન રાકેશકુમાર સૈનીનું આકસ્મિક રીતે નિધન થયું છે. જવાનના અકાળે અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સીઆઈએસએફ કેમ્પસ સહિત પરિવારમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. દેશની સુરક્ષા માટે હંમેશા તત્પર રહેતા જવાનના આકસ્મિક નિધનથી સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. જવાહરનગર પોલીસે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી. તો બીજી તરફ બનાવની જાણ થતા જ સીઆઈએસએફના ઉચ્ચ અધિકારીઓ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. દળના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં જવાનોની હાજરીમાં પાર્થિવ દેહને સન્માનપૂર્વક અંતિમ વિદાય આપવામાં આવી હતી. આ દરમિયાન હાજર સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી અને દેશની સેવામાં કાર્યરત જવાનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

ન્યુ VIP રોડ પર રઘુકુલ સ્કૂલ પાસેનો માર્ગ બિસ્માર, રહીશો ત્રસ્ત

સ્કૂલે જતા બાળકો અને વાલીઓ હાલાકી ભોગવવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

સંસ્કારી નગરી વડોદરા ખાતે તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રીના આગમનને પગલે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા શહેરના અનેક મુખ્ય માર્ગોનું બ્યુટીફિકેશન અને સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જનપ્રતિનિધિઓ અને તંત્ર દ્વારા VVIP રૂટ પર રાતોરાત રોડ-રસ્તાઓ ચમકાવી દેવામાં આવ્યા હતા, પરંતુ VVIP કાર્યક્રમ પૂર્ણ થતાં જ શહેરના અન્ય આંતરિક રસ્તાઓની વાસ્તવિકતા અને તંત્રની બેદરકારી ફરી એકવાર ઉઘાડી પડી છે.

શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલી રઘુકુલ સ્કૂલ પાસેનો માર્ગ હાલ અત્યંત બિસ્માર અને બત્તર હાલતમાં ફેરવાઈ ગયો છે. રસ્તા પર પડી ગયેલા મોટા-મોટા ખાડાઓ અને ખરાબ સ્થિતિના કારણે અહીંથી પસાર થતા રાહદારીઓ તેમજ વાહનચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. દરરોજ સવારે સ્કૂલે જતા માસુમ વિદ્યાર્થીઓ અને તેમને મૂકવા આવતા વાલીઓ માટે આ રોડ પરથી પસાર થવું એક જોખમી કસોટી સમાન બની ગયું છે.

સ્થાનિક દ્રશ્યોમાં પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે કે નાના બાળકોને સ્કૂલે મૂકવા જતી માતાઓ અને મહિલા વાહનચાલકો પણ આ બિસ્માર રસ્તાના કારણે ભારે પરેશાની ભોગવી રહી છે. એક તરફ જ્યાં તંત્ર વીઆઈપી માર્ગો પર તમામ સુવિધાઓ ક્ષણભરમાં ઉપલબ્ધ કરાવી દે છે, ત્યાં બીજી તરફ આમ પ્રજા અને શાળાના બાળકો રોજબરોજ ઉપયોગમાં લેતા રસ્તાઓની આવી દુર્દશા કેમ? તેવો રોષ સ્થાનિકોમાં જોવા મળી રહ્યો છે.

ચાર્જઝોનને EV ચાર્જિંગ માટે $1 અબજથી વધુના કોન્ટ્રાક્ટ્સ

વડોદરા : ભારતના ઝડપથી વિકસતા EV ચાર્જિંગ નેટવર્ક પૈકીના ચાર્જઝોનને ઈન્ટરસિટી ઇલેક્ટ્રિક બસ, ટ્રક અને કમર્શિયલ કાર ફ્લીટ્સ માટે લાંબા ગાળાના એનર્જી કોન્ટ્રાક્ટ મળ્યા છે. કોન્ટ્રાક્ટનું સંચિત મૂલ્ય એક અબજ ડોલરથી વધુ એટલે કે અંદાજે રૂ.10,500 કરોડ છે. આ માંગના આધારે કંપની મુખ્ય નેશનલ હાઈવે કોરિડોર પર 1,000 નવા સુપરચાર્જિંગ સ્ટેશન સ્થાપશે. આ સ્ટેશનો દરરોજ 15 હજારથી વધુ EVને ચાર્જિંગ સુવિધા આપશે. ચાર્જઝોનના CEO કાર્તિકેય હરિયાણીએ જણાવ્યું કે, લાંબા ગાળાની ફ્લીટ ડિમાન્ડથી નવી ચાર્જિંગ ક્ષમતા ઊભી કરવામાં મદદ મળશે. વિસ્તરણ માટે કંપનીએ ભારતીય બેંકો મારફતે 25 કરોડ ડોલરનું ડેટ ફાઈનાન્સિંગ મેળવ્યું છે. આ વિસ્તરણથી 180 મેગાવોટ નવી ક્ષમતા ઉમેરાશે અને કુલ ક્ષમતા 120થી વધીને 300 મેગાવોટ થશે. પૂર્ણ તૈનાતી બાદ વાર્ષિક આશરે 700 GWh એનર્જી ડિલિવરીની અપેક્ષા છે.

વડોદરા-રત્નાગિરી ટ્રેનની 5 વર્ષ જૂની માંગ માટે PMને વિરોધ વિના રજૂઆતની વાત

અખિલ મહારાષ્ટ્ર યુવક સંગઠનમાં રોષ, પ્રમુખની અટકાયત મામલે CPને રજૂઆત

વિરોધની જાહેરાત વિના જ ફતેગંજ પોલીસે 5 કલાક ડિટેન કર્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૯

વડોદરામાં અખિલ મહારાષ્ટ્ર યુવક સંગઠન અને મહાડ-પોલાદપુર સમાજ દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરી ન્યાયની માંગ કરવામાં આવી છે. મંડળના પ્રમુખ વિજય જાધવને કોઈ કારણ વગર ડિટેઈન કરવામાં આવતા સમાજના અગ્રણીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વડોદરાથી રત્નાગિરી વચ્ચે નવી ટ્રેન શરૂ કરવાની માંગ છેલ્લા 5 વર્ષથી કરવામાં આવી રહી છે. આ સંદર્ભે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની વડોદરા મુલાકાત દરમિયાન 5 મિનિટની મુલાકાત માટે મંડળ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સમાજના અગ્રણીઓના જણાવ્યા મુજબ, આ અરજીનો કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો ન હતો અને તેમના દ્વારા કોઈપણ પ્રકારના વિરોધ પ્રદર્શનની જાહેરાત પણ કરવામાં આવી ન હતી. તેમ છતાં, ફતેગંજ પોલીસ સ્ટેશન દ્વારા પ્રમુખ વિજય યાદવને તેમના ઘરેથી ઉઠાવીને 5 થી 6 કલાક સુધી ડિટેન કરી રાખવામાં આવ્યા હતા. આ અંગે મહારાષ્ટ્રીય સમાજના અગ્રણી કિશોરભાઈ કેસરકરે જણાવ્યું હતું કે, અમે કાયદાનું પાલન કરીએ છીએ. અમે માત્ર કલેક્ટરને 5 મિનિટની મુલાકાત માટે વિનંતી કરી હતી. કોઈ વિરોધની જાહેરાત ન હોવા છતાં અમારા પ્રમુખને ડિટેઈન કરવામાં આવ્યા. કયા આધારે અને કોના લેખિત કે મૌખિક હુકમથી આ કાર્યવાહી કરવામાં આવી તેનો ખુલાસો થવો જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ મામલે ન્યાય મેળવવા મા